Extra No. 176

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **MONDAY, JULY 13, 2026 / ASHADHA 22, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જુલાઇ, ૨૦૨૬

તારીખઃ ૧૩મી જુલાઇ, ૨૦૨૬ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૬ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૯નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટસમેન.

GUJARAT ACT NO. 9 OF 2026.

GUJARAT PROHIBITION OF TRANSFER OF IMMOVABLE PROPERTY AND PROVISION FOR PROTECTION OF TENANTS FROM EVICTION FROM PREMISES IN THE DISTURBED AREAS (AMENDMENT) ACT, 2026..

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાષ્ટ્રપતિએ સન ૨૦૨૬ના જૂન મહિનાની ૨૯મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે. એમ. લાલા,

ગુજરાત સરકારના સચિવ,

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 9 OF 2026.

AN ACT

further to amend the Gujarat Prohibition of Transfer of Immovable Property and Provision for Protection of Tenants from Eviction from premises in the Disturbed Areas Act, 1991.

સન ૨૦૨૬નો ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૯.

(રાષ્ટ્રપતિની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૨૬ના જુલાઇ મહિનાની ૧૩મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર" માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો).

ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના સિત્યોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા) અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-મા અધિનિયમની કલમ ૨-નો સુધારો.

૨. ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨-માં,-

(૧) ખંડ (ખ) પછી, નીચેના ખંડો દાખલ કરવા:-

''(ખખ) "દેખરેખ અને સલાહકાર સમિતિ'' એટલે કલમ ૧૬ક હેઠળ રચવામાં આવેલી સમિતિ;

(ખખખ) "નારાજ થયેલી વ્યક્તિ" એટલે કલમ ૫-ની પેટા-કલમ (૩) હેઠળ સ્થાવર મિલકતની તબદીલીનો પક્ષકાર હોય તેવો અરજદાર અને તેમાં કલમ ૩ની પેટા-કલમ (૧) હેઠળ રાજ્ય સરકારે તે તરીકે જાહેર કરેલા નિર્દિષ્ટ વિસ્તારમાં રહેતી વ્યક્તિનો સમાવેશ થશે;";

(૨) ખંડ (ઘ) કમી કરવો.

સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-મા અધિનિયમની કલમ ૩-નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩-માં, પેટા-કલમ (૧)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૧) કલમ ૧૬ક હેઠળ દેખરેખ અને સલાહકાર સમિતિએ આપેલી સલાહને ધ્યાનમાં લઈને, રાજ્ય સરકારનો એવો અભિપ્રાય હોય કે,-

(૧) હુલ્લડ અથવા ટોળાની હિંસાને કારણે, રાજ્યના કોઇ વિસ્તારમાંની જાહેર વ્યવસ્થાને નોંધપાત્ર મુદત માટે ખલેલ પહોંચી હતી, ત્યારે; અથવા

(૨) રાજ્યના કોઈ વિસ્તારમાં રહેતા સમુદાયો વચ્ચેની કોમી તંગદિલીને કારણે, તે વિસ્તારની જાહેર વ્યવસ્થામાં ખલેલ પહોંચી છે અથવા ખલેલ પહોંચવાની શક્યતા છે, જે આવા વિસ્તારમાં રહેતી વ્યક્તિઓના અનૈચ્છિક સ્થળાંતરમાં પરિણમી શકે છે, ત્યારે

- તે, રાજપત્રમાં જાહેરનામાથી,

(ક) આવા વિસ્તારને, નિર્દિષ્ટ વિસ્તાર તરીકે જાહેર કરી શકશે;

(ખ) નોંધપાત્ર મુદત (જેનો આમાં હવે પછી, "નિર્દિષ્ટ મુદત" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) નિર્દિષ્ટ કરી શકશે.

સ્પષ્ટીકરણ.- આ કલમમાં, "હુલ્લડ" એ શબ્દનો અર્થ, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૯૧ની પેટા-કલમ (૧)માં જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે .". સન ૨૦૨૩નો ૪૫-મો.

સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨ મા અધિનિયમની કલમ ૫-નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫-માં, પેટા-કલમ (૩)માં, ખંડ (ખ)ને બદલે , નીચેનો ખંડ મૂકવો:-

"(ખ) કલેક્ટરે, એવી અરજી મળ્યેથી, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯-થી જોગવાઇ કરેલી રીતે ઔપચારિક તપાસ કરવી જોઈશે અને નારાજ થયેલી વ્યક્તિઓને સુનાવણીની તક આપ્યા પછી અને રજૂ કરવામાં આવેલા કોઈ પુરાવાને વિચારણામાં લીધા પછી નક્કી કરવું જોઈશે કે:- સન ૧૮૭૯નો મુંબઈનો ૫-મો.

(૧) સ્થાવર મિલકતની તબદીલી કલમ ૨-ના ખંડ (ચ)ની બોલીઓ અનુસાર કરવા ધાર્યું છે કે કેમ;

(૨) તબદીલી કરાવવાનો અને તબદીલીથી લેવાનો ઈરાદો ધરાવતી વ્યક્તિઓની મુક્ત સંમતિ છે કે કેમ;

(૩) તબદીલી કરવા ધારેલી સ્થાવર મિલકતની તબદીલીની કિંમત વાજબી છે કે કેમ;

(૪) તબદીલી કરવા ધારેલી સ્થાવર મિલકત જે વિસ્તારમાં આવેલી હોય તે વિસ્તારમાં વસતા સમુદાયો વચ્ચે કોમી તંગદિલીને કારણે જાહેર વ્યવસ્થાનો ભંગ થવાની કોઈ સંભાવના છે કે કેમ અને તદનુસાર,-

(ક) અરજી નામંજૂર કરવી જોઈશે; અથવા

(ખ) લેખિતમાં હુકમ કરીને, સ્થાવર મિલકતની સૂચિત તબદીલીને પૂર્વ મંજૂરી આપવી જોઈશે.".

સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-મા અધિનિયમની કલમ ૫-ક-નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫-ક-માં,-

(૧) પેટા-કલમ (૧)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

''(૧) કલમ ૪ હેઠળ સ્થાવર મિલકતની તબદીલી રદબાતલ હોય, ત્યારે

(ક) એવી તબદીલી માટે કોઈ અવેજ મેળવ્યો હોય તેવા તબદીલ કરનારે, કલમ ૩ની પેટા-કલમ(૧) હેઠળના જાહેરનામાની તારીખથી છ મહિનાની મુદતની અંદર તબદીલીથી લેનારને અવેજ પાછો આપવો જોઈશે;

(ખ) તબદીલીથી લેનારે અથવા આવા તબદીલીથી લેનાર વતી સ્થાવર મિલકતનો કબજો ધરાવતી હોય તેવી બીજી કોઈ વ્યક્તિએ (જેનો આમાં હવે પછી, 'એજન્ટ' તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે), છ મહિનાની સદરહુ મુદતની અંદર, તબદીલ કરનારને મિલકત પરત સોંપવી જોઈશે.'';

(૨) પેટા-કલમ (૫)માં, "આવી મિલકતનો કબજો લેવામાં તબદીલી કરનાર ચૂક કરે, ત્યારે આવી મિલકત, કામચલાઉપણે કલેક્ટરના કબજામાં રહેશે અને" એ શબ્દોને બદલે, "આવી મિલકતનો કબજો લેવામાં તબદીલી કરનાર ચૂક કરે, ત્યારે કલેક્ટરે, આપમેળે અથવા નારાજ થયેલી કોઈ વ્યક્તિએ કરેલી અરજીને આધારે કામચલાઉપણે આવી મિલકત પોતાના કબજામાં લેવડાવવી જોઈશે અને" એ શબ્દો મૂકવા.

સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-મા અધિનિયમની કલમ ૯નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯માં,-

(૧) ''કલમો ૪ અને ૫ ની'' એ શબ્દો અને આંકડાને બદલે, ''કલમો ૪, ૫ અને કલમ ૧૬-ખ-ની પેટા-કલમ (૪)ની'' એ શબ્દો, આંકડા, અક્ષર અને કૌંસ મૂકવા;

(૨) હાંસિયાની નોંધમાં, ''કલમો ૪ અને ૫'' એ શબ્દો અને આંકડાને બદલે, ''કલમો ૪, ૫ અને કલમ ૧૬ખની પેટા-કલમ (૪)'' એ શબ્દો, આંકડા, અક્ષર અને કૌંસ મૂકવા.

સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-મા અધિનિયમની કલમ ૧૬-કનો સુધારો.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૬-ક-માં,-

(૧) પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

''(૨) દેખરેખ અને સલાહકાર સમિતિ, અધ્યક્ષ અને ઠરાવવામાં આવે તેટલી સંખ્યામાં બીજા સરકારી સભ્યોની બનશે.'';

(૨) પેટા-કલમ (૩)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૩) દેખરેખ અને સલાહકાર સમિતિએ, હુલ્લડ અથવા ટોળાની હિંસાને કારણે રાજ્યના કોઈ વિસ્તારમાં, જાહેર વ્યવસ્થાને નોંધપાત્ર સમયગાળા માટે ખલેલ પહોંચી હતી કે કેમ અથવા સદરહુ વિસ્તારમાં વસતા લોકોના અનૈચ્છિક સ્થળાંતરમાં પરિણમી શકે તેવી સદરહુ વિસ્તારમાં વસતા સમુદાયો વચ્ચેની કોમી તંગદિલીને કારણે, રાજ્યના સદરહુ વિસ્તારની જાહેર વ્યવસ્થામાં ખલેલ પહોંચી છે અથવા ખલેલ પહોંચવાની શક્યતા છે કે કેમ તે સુનિશ્ચિત કરવા માટે અને રાજ્ય સરકારને વખતોવખત સલાહ આપવા માટે રાજ્યના સદરહુ વિસ્તારોમાં અભ્યાસ કરવો જોઈશે અથવા કરાવવો જોઈશે.''.

સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-મા અધિનિયમની કલમ ૧૬-ગ-નો સુધારો.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૬-ગ-માં, પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૨) ખાસ તપાસ ટીમ નીચેના કાર્યો કરશે:-

(૧) કલમ ૧૬-ક-ની પેટા-કલમ (૩)ના સંબંધમાં, જરૂરી માહિતી એકત્રિત કરવામાં, દેખરેખ અને સલાહકાર સમિતિને સહાય કરશે;

(૨) કલમ ૫ હેઠળ મંજૂરી આપતાં પહેલાં અથવા અન્યથા પુછાણ માટે મોકલવામાં આવે તેવા કેસોની તપાસ કરવામાં કલેક્ટરને સહાય કરશે;

(૩) કલમ ૩ હેઠળ કોઇ વિસ્તારને નિર્દિષ્ટ વિસ્તાર તરીકે જાહેર કરતાં પહેલાં અભિપ્રાય બાંધવામાં રાજ્ય સરકારને સહાય કરશે.''.

સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-મા અધિનિયમમાં "અશાંત વિસ્તાર" અને "અશાંત વિસ્તારો" એ શબ્દો બદલવા બાબત.

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૭ સિવાય, "અશાંત વિસ્તાર" અથવા "અશાંત વિસ્તારો" - એ શબ્દો જ્યાં જ્યાં આવતા હોય ત્યાં, તેને બદલે, અનુક્રમે " નિર્દિષ્ટ વિસ્તાર" અથવા "નિર્દિષ્ટ વિસ્તારો" એ શબ્દો મૂકવા.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.07.21 22:01:54 IST